સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૨૫૫

સલામી સવારની..

ઘડતર કેવું? કેશુભાઇ-સુરેશ મે'તા ને પૂછો?
દોડે છે હજી સુપ્રીમ સુધી, શર્મા બંધુઓને પૂછો!
પૂછો વણઝારાને, ગાળી નાખ્યું કેવું જીવન જેલમાં -
હરેન પંડ્યા, સંજીવ જોષી, સાંઘાણી-રૂપાલાને પૂછો!!
(મારા ઘડતરમાં મોદીનો મોટો હિસ્સો છે - ઝડફિયા)

ખૂલ્લાં બજારે,
વેંચાય ધારાસભ્યો -
ટકા ના તરે!
(કતલ માટેના બકરા)

ઢંઢેરાઓ ના
તોફાની અશ્વ પર
આવી લગામ..
(ચૂંટણીપંચ - સારથી)

હાઈકુ

ચિંતન

દહ્યમાના: સુતીવ્રેણ નીયા: પરયશો અગ્નિના ।
અશકતા સ્તત્પદં ગન્તું તતો નિંદાં પ્રકૂર્વતે ॥

'ઇર્ષાળુને આશીર્વાદ' ની ઉક્તિ પ્રચલિત છે આ શ્લોકમાં ચાણક્ય ઇર્ષાને અન્યની નિંદા કરનાર લોકોની વાત કરે છે :

'નીચી વિચારશ્રેણી ધરાવનારા, નીચલા સ્તરના (બૌદ્ધિક રીતે) લોકો સદાય બીજા કોઇનો વિકાસ ચડતી-પ્રગતિ જોઇ નથી શકતા-આનંદિત થવા બદલે ઉદ્‌વિઘ્ન-ઉદ્વેગ અનુભવે છે. હૃદયથી બળીને ખાખ થઇ જાય છે. તેમાં પણ જયારે એમને ખાતરી થઇ જાય કે પોતે એ પદ-કક્ષા કે એવી પ્રગતિ કરી શકે એવી શક્તિ સદ્‌ગુણ-તાકાત ધરાવતા નથી ત્યારે તો વધારે હતાશ થઇ પોતાની અસમર્થતા છૂપાવવા પ્રગતિ કરનારની વિના કારણ ટીકા-નિંદા કરે છે અને એમના અવગુણ-એબ ન હોવા છતાં પણ જુઠો પ્રચાર કરે છે.'

આમ જુઓ તો ટીકા-નિંદા-બીજાનાં દોષ જોઇ તેમની ભૂલો જોઇ ગુસ્સો કરવો એ સ્વયંની સમર્થતા છૂપાવવાની છલના જ છે. માણસમનથી જ હાર સ્વીકારી પરિસ્થિતિ પામી તેને અનુકૂળ થવાને બદલે ખોટી બચાવ પ્રયુક્તિ પ્રયોજી પોતે જ સક્ષમ-સદ્‌ગુણી છે છતાં પોતાને 'અન્યાય' થયો છે એવું ખોટી રીતે બતાવવા સદાય મથતો રહે છે.

માણસે હાર-ભૂલ-પરિસ્થિતિ સ્વીકારી ક્ષમાવાન બનવા શીખવું જોઇએ.

સુવિચાર

- **માણસ એટલા બધાં વિચારો કરે છે કે ખુશી અને દુઃખ તો આવતા પહેલા એ એનો વૈચારિક અનુભવ કરતો થઇ જાય છે** - *ખલીલ જીબ્રાન*
- **દૃઢ સંકલ્પ એટલે કાર્યશીલ ચારિત્ર્ય** - *વિક્ટર હ્યુગો*
- **એક એવો વૈભવ કે જેનો ક્યારેય અસ્ત નથી તે છે 'સાધુતા'** - *જોસ. મહાવાર્ય*
- **જે દેહમાં પવિત્ર અને નિષ્કલંક આત્મા રહે છે તે દેહ પણ પવિત્ર અને નિષ્કલંક જ ગણાય** - *પ્રેમચંદ*
- **ભાવતું ખાઇ શકાય તે યુવાવસ્થા, ફાવતું જ ખાઇ શકાય તે વૃદ્ધાવસ્થા** - *રત્નસુંદરવિજયજી*
- **જો પ્રેમ સ્વપ્ન છે તો શ્રદ્ધા જાગરણ છે** - *રામચંદ્ર શુક્લ*
- **સ્નેહના તારે દિલડા ગુંથાય, અને જુદાઇ મટીને એકરૂપ થવાય એનું નામ 'લગ્ન'** - *સંદકાન્ત બક્ષી*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આપણી ઘણીવાર 'હકારાત્મક' વિચાર કરી શકતા નથી કે માનસિક-મનોબળ નબળું હોય ત્યારે તાંત્રિક-ધાર્મિક-મેલીવિદ્યાના ટૂચકા-નૂશખા કરીએ છીએ અને હવે 'શાંતિ થશે' - 'રક્ષણ થશે' 'એવો 'હકારાત્મક' કે મનોબળનો ટેકો પ્રાપ્ત કરી લઇએ છીએ. લીંબુ મરચું બાંધવા, દરવાજે કાણી કાળી માટલી ઊંધી રાખવી, શનિદેવની મૂર્તિ ઊંધી લટકાવવી, ઘોડાની નાળ... જેવાં કેટલાંય આસ્થા-વિશ્વાસના આશ્વાસન રાખીએ છીએ...

મુલ્લાં નસરૂદ્દીન ઘણા સમયે હજ કરી ગામમાં પાછાં આવ્યા. ગામનું પ્રવેશદ્વાર નવું તૈયાર થઇ ગયું હતું. પણ દરવાજા વચ્ચે કોઇ પ્રાણીની ખોપરી લટકતી હતી. સરપંચ અને થોડા ગ્રામજનો ગામના દરવાજે મુલ્લાનું સ્વાગત કરવા ઊભા હતા. હારતોરા થયા પછી - મુલ્લાં એ તરત ઉત્સૂકતા પૂરી કરવા પૂછ્યું. 'સરપંચશ્રી' ગામનું નવું પ્રવેશદ્વાર તો જોયું, પણ વચ્ચે આ ખોપરી જેવું શું છે?

સરપંચ કહે-આ ગદેડાની ખોપરી છે. એક ફકીરે એકસો દિનારમાં આપી છે કહ્યું કે આ પ્રવેશદ્વાર મધ્યે લટકાવશો તો કોઇ સેતાન ગામમાં પ્રવેશ નહીં કરી શકે. આ ખોપરી તમને બચાવશે!

મુલ્લાં એ હસતાં હસતાં કહ્યું, મારા ગદેડાએ જીંદગી ભર ભાર ઊંચકી વેઠ કરી અને ગામ આખામાં ડફણાં ખાધાં ત્યારે તે પોતાની જાતને બચાવી ન શક્યો તો હવે તેની ખોપરી ગામને શેતાનોથી કેમ બચાવી શકશે?!

સરપંચ સમજી ગયા. ખોપરી ઉતારી લીધી.

Email - sureshchandrabhatt18@gmail.com

આજના શિક્ષણ વિશે આપણે બધાએ પર્યાપ્ત આત્મમંથન કરવું જોઇએ, અત્યારે શિક્ષણ રેચક છે એને રોચક બનાવવું પડશે

જીવવાનું ભૂલવાડી એ દે શિક્ષણ કેવું?

- હર્ષદ પ્ર. શાહ

આજકાલ વિદ્યાર્થીઓના આપઘાતના અનેક કિસ્સા સાંભળવા મળે છે. ખાસ કરીને ૧૦મા અને ૧૨માં ધોરણના વિદ્યાર્થીઓની સંખ્યા એમાં ઘણી હશે. હજુ ચવાનોના ઉંબરે પગ મૂક્યો હોય, મૂછનો દોરો ફૂટ્યો હોય એવા ૧૪થી ૧૭ વર્ષના વિદ્યાર્થીઓ આપઘાત કરવા કેમ પ્રેરાય છે? જીંદગીથી એ શું એટલા બધા કંટાળી જતા હશે?

સમાજ સામે આ બહુ મોટો પ્રશ્ન છે. એનો જવાબ શોધવો જ રહ્યો. શિક્ષણશાસ્ત્રીઓ, મનોચિકિત્સકો અને વાલીઓ બધાએ ભેગા થઇને આ પ્રશ્ન વિચારવો રહ્યો.

આપઘાતના કિસ્સાના કારણો લગભગ આવાં હોય છે - કોઇનાં પેપર સારાં ન ગયાં હોય! કોઇને માર્ક ઓછા આવવાની દહેશત હોય! કોઇને ધારેલાં ટકા ન આવ્યા હોય! કોઇના માતા-પિતાએ સારા ટકા ન આવવા બદલ ઠપકો આપ્યો હોય! કોઇના માતા-પિતાએ ખૂબ આકરું વલણ દાખવ્યું હોય કે ૯૦ % ન આવે તો મોઢું ડ ન દેખાડતો!

આમ, મોટે ભાગે વિદ્યાર્થી જાણે માતા-પિતાની અપેક્ષા સંતોષવા જ કેમ ન ભણતો હોય એવી પરિસ્થિતિ હોય છે. માતા-પિતાને -મન એના સંતાન કરતાંય એના પરિણામમાં વધુ રસ હોય છે. સારા પરિણામની લાલસા અને અપેક્ષા માતા-પિતા અને સંતાન વચ્ચે ઊંડી ખાઇ નિર્માણ કરે છે. વિદ્યાર્થી ભયથી કંપિત હોય છે. પરિણામે પરીક્ષા આવે એટલે એની તબિયત બગડી જાય, તાવ આવી જાય અને એવી અનેક શારીરિક વ્યાધિઓ એને ઘેરી વળે. પરિણામના દિવસે અનેક વિદ્યાર્થીઓ માળા લઇને જાપ કરતા હોય છે. સામાન્ય રીતે ભગવાનનું નામ ન લેનારા ભગવાનને ભજતા હોય છે.

સમજાતું નથી... મનુષ્ય માટે શિક્ષણ કે શિક્ષણ કે શિક્ષણ માટે મનુષ્ય? એવી તે કેવી શિક્ષણ રચના કે જે મનુષ્યનો ભોગ લે?

પ્રવર્તમાન શિક્ષણ રચનામાં અનેક પ્રશ્નાર્થો છે. એનું સમાધાન કેમેય કરીને જડતું નથી. ફ્રિસ્કીના દોરાનો છેડો ખોવાઇ ગયો છે! શિક્ષણ એટલે માહિતીનો ઢગલો! ઠાંસી ઠાંસીને એ બધી માહિતી મગજમાં ભરવાની. યાદ ન રહે તો ગોખવાનું. ગોખવાનું પણ શક્ય ન બને તો ચોરી કરવાની વિવિધ રીતો અજમાવવાની. કાપલી દ્વારા કે અન્ય પદ્ધતિઓમાં પરીક્ષામાં સફળ ન થવાય એવું લાગે તો પેપર તપાસનારા શિક્ષકોનાં સરનામાં મેળવવાનાં અને જીવનનો આરંભ જ ભ્રષ્ટાચારથી કરવાનો. પરીક્ષાનાં પ્રશ્નપક્ષો ફોડવાં એ જાણે વર્તમાન યુગનું ગણનાપાત્ર પરાક્રમ છે! પરીક્ષાની આગલી રાત્રે પ્રશ્નપત્રોનો વ્યાપાર થાય.

વિદ્યાર્થી આખું વર્ષ ટ્યૂશનોની માયાજાળમાં ફસાયેલો રહે. એવું ખાવા-પીવાનું ઠેકાણું નહીં. રમવાની તો વાત જ નહીં. બધાં ટ્યૂશનોમાં એ સમયસર પહોંચી વળે. એટલે નાનપણથી જ માતા-પિતાએ સ્કૂટર લઇ આપ્યું હોય. દીકરી હોય તો એને રાંધતાં શિખવવાની વાત તો બાજુએ રહી, એનો જરાય સમય ન બગડે એની કાળજી માતા લેતી હોય. શિક્ષણશાસ્ત્રીઓ વિદ્યાર્થીઓનાં સર્વાંગિણ વિકાસનાં ભાષણો દીધે રાખે પણ દિનપ્રતિદિન વિદ્યાર્થીઓ એકાંગી જ બનતા જઇ રહ્યા છે. પાઠ્યપુસ્તક, પીચ્ચિડ અને પરીક્ષા - એ ત્રણ 'પ'માં કેદ વિદ્યાર્થી માથું ઊંચું કરીને વૃક્ષોનું સ્મિત જોઇ શકતો નથી કે પક્ષીનો કલરવ સાંભળી શકતો નથી. એ તો બસ પુસ્તકો અને નોટબુકોનો ભાર વેંઢાર્યે જ જાય. લાંબા લાંબા અભ્યાસક્રમોને પહોંચી વળવાનો વ્યર્થ પ્રયાસ એણે કરવાનો. Touch and go! એમાં ઊંડા ઊતરવાનો કોઇ અવકાશ નથી. છબછબિયાં કરીને આગળ ચાલવાનું. ન સમજાય તો ગોખીને પાસ થવાનું. વર્ષ આખું ૭-૮ વિષયોમાં લાંબા અભ્યાસક્રમમાંથી ૩૦-૩૫ પ્રશ્નો પૂછાય, તે ત્રણ કલાકમાં ઓકી નાખવાનું. પછી તરત ભૂલી જવાનું. પછી એનો કોઇ ઉપયોગ નથી...

ગણિતનો કોઇ દાખલો કે પ્રમેય જ રેતી શિખવવામાં આવ્યો હોય તેથી બીજી કોઇ રીત વિદ્યાર્થી ન જાણે. પ્રશ્નોનું માળખું નિશ્ચિત. કેવા અને કેટલા પ્રશ્નો પૂછાશે એ નિશ્ચિત. આગળ પાછળનું કંઇ જાણવાની જરૂર નહીં.

એક વિદ્યાર્થીને મેં પૂછ્યું ૨૫ ³/₄ ને દશાંશ પદ્ધતિમાં દર્શાવો. ઘરાર એને એ ન આવડ્યું. ૦.૦૦૩૭ ને કેવી રીતે બોલાય તે એને ન આવડ્યું. B.Sc / M.Sc થયેલાને ઘનફળ અને ક્ષેત્રફળ વચ્ચે શું તફાવત છે એ જો ખબર ન હોય તો આવી ડિગ્રી આપીને શું કરવાનું? ક્યારેક તો મને આવા મોટા પદવીદાન સમારંભો પોલા ભાસે છે. આવા પોલા ડિગ્રીધારીઓથી સમાજનું કલ્યાણ નથી થવાનું. ભલભલા ગ્રેજ્યુએટને ૧૦ દિશાઓનું જ્ઞાન નથી હોતું. ભારતની સીમાઓનું ભાન નથી હોતું. ભારતના ચારધામ અને ચાર મઠ ક્યા એની ખબર હોતી નથી. ગુજરાતી ભાષામાં સ્વર અને વ્યંજન કેટલા એનું જ્ઞાન નથી હોતું. પાઠ્યપુસ્તકમાં જેટલું છે, તેનાથી ઘણું બધું બહાર છે. એ શીખવવાનો અવકાસ વિદ્યાર્થીને આપવો જોઇએ.

પરીક્ષાની હ્યાયમાં ને હ્યાયમાં વિદ્યાર્થીએ ઉંમરમાં શીખવા જેવું ઘણું ચૂકી જાય છે. વિનય અને વિવેકથી એ જોજનો દૂર રહે છે. ઘરમાં કોણ આવે છે ને કોણ જાય છે એ સંબંધોથી એ વંચિત રહે છે. માતા-પિતા સતત પોતાના સંતાનની તુલના બીજા સાથે કરતાં રહે છે. તેથી એનામાં લઘુતાગ્રંથિ જન્મે છે. લઘુતાગ્રંથિ અને ડિપ્રેશનથી પીડાતા હજારો વિદ્યાર્થીઓ આપણને જોવા મળશે.

શિક્ષણની આવી રચનાએ જીવનને સુધારવાને બદલે બગાડ્યું. જીવતા શીખવાને બદલે મરતાં શીખવાડ્યું. વિનય - વિવેકને બદલે અવિવેક શીખવ્યો. એને 'સર્વ' માટે જીવવાનું શીખવવાને બદલે કેવળ 'સ્વ' માટે જીવવાનું શીખવ્યું. શું આવું શિક્ષણ આપણને માન્ય છે? જો માન્ય ન હોય તો સમાજના હિતચિંતકોએ પહેલ કરવી પડશે. પરિવર્તનનું સાહસ દાખવવું પડશે. આ લેખ લખતાં લખતાં મને જે પરિવર્તનની આવશ્યકતા જણાય છે એવા થોડા સૂચનો અત્રે લખું છું -

(૧) આત્મગૌરવ અને રાષ્ટ્રગૌરવ જગાડે એવા શિક્ષણની રચના કરવી.

(૨) ઓછામાં ઓછું - પોતાની માતૃભાષામાં એ શુદ્ધ વાચન લેખન કરે એટલું વ્યાકરણ સહિતનું પાયાનું જ્ઞાન આપવું.

(૩) દેશના અને પોતાના પ્રાંતના ઇતિહાસ વિશે અને જાણતો કરવો.

(૪) જે ધોરણનો અભ્યાસ કાચો રહ્યો હોય તે પાકો ન થાય અને એનું દૃઢીકરણ ન થાય ત્યાં સુધી એને ઉપરના ધોરણમાં ન ચડાવવો.

(૫) વિદ્યાર્થીની રૂચિ-પ્રકૃતિને માતા-પિતા-શિક્ષકે સારી રીતે સમજવી અને રૂચિના વિષયો સારી રીતે ભણવાની અનુકૂળતા કરી આપવી. દરેક વિદ્યાર્થી દરેક વિષયમાં પારંગત થાય એ વાત શક્ય જ નથી. શિક્ષણ રચનામાં આવી છૂટછાટનો અવકાશ રાખવો.

(૬) ગ્રામીણ અને વનવાસી ક્ષેત્રના લોકોની આવશ્યકતાઓ જુદા પ્રકારની હોય છે. એમનો અભ્યાસક્રમ જ જુદો બનાવવો. જેમાં એમનો પ્રાદેશિક અને ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે વિકાસ થવાની સંભાવના હોય.

(૭) કલામાં જે વિદ્યાર્થીઓને અભિરૂચિ હોય તેમનો વિકાસ તે ક્ષેત્રમાં જ કરવો.

(૮) પરંપરાગત કામો જેવા કે લુહાર, સુથાર, પ્લંબર, સોની, વાયરમેન વગેરેમાં જેમની કુશળતા હોય તેમને એમાં ઉત્તેજન આપવું.

(૯) અભ્યાસક્રમો બહુ લાંબા ના રાખવા. પણ વ્યક્તિની સમજણનું સ્તર ઊંચુ આવે એવી એની રચના કરવી.

(૧૦) ગ્રામીણ અને વનવાસી ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી ભાષા શીખવી અઘરી છે. એના વિના પણ એ દસમુ ધોરણ પાસ કરી શકે એવી જોગવાઇ રાખવી. જેથી એ ખેતી કે પરંપરાગત વ્યવસાય સારી રીતે કરી શકે.

(૧૧) જેમને પ્રગત અભ્યાસ કરવો છે એવા તેજસ્વી વિદ્યાર્થીઓને અનેકવિધ પ્રોત્સાહનો પૂરાં પાડવા. એમને સંશોધનો કરવાની સગવડો આપવી.

(૧૨) સમાજના પ્રત્યેક બાળક માટે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત બનાવવું. એનો ખર્ચ સરકાર ઉપાડી લે એ ઇચ્છનીય છે. આમ કરવાથી સો ટકા સાક્ષરતાનું લક્ષ્ય સિદ્ધ થશે.

(૧૩) જેમ MBBS થયેલા વ્યક્તિએ એક વર્ષ ઇન્ટર્નશીપ કરીને સેવા કરવાની હોય છે તેમ દરેક ફેકલ્ટીના વિદ્યાર્થી માટે ૧ વર્ષની ઇન્ટર્નશીપ ફરજિયાત કરવી અને ૧ વર્ષ એને સમાજસેવા કરવાની તક પૂરી પાડવી.

(૧૪) કોઇ પણ ફેકલ્ટીમાં પ્રવેશ વખતે વિદ્યાર્થીની એક પ્રવેશ પરીક્ષા લેવી જેમાં એના Commom Minimum Knowledgs ની પરીક્ષા થાય.

(૧૫) શારીરિક શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહનો પૂરાં પાડી એ તરફ અભિરૂચિ વધારવી.

આજના શિક્ષણ વિશે આપણે બધાએ પર્યાપ્ત આત્મમંથન કરવું જોઇએ. અત્યારે શિક્ષણ રેચક છે એને રોચક બનાવવું પડશે. 'વર્ગ મારું સ્વર્ગ' માનીને ભણાવનારા શિક્ષકોની અવિરત શૃંખલા નિર્માણ કરવી પડશે. જીવનની ઊંચાઇ વધારે, ઋણમાંથી મુક્ત થવાની ભાવનાનો વિકાસ કરે એવું શિક્ષણ જો આપણે રચીએ તો જ સમાજનું કલ્યાણ થશે - સાચી દિશા પકડાશે.

અકબરે પોતાના ગુજરાત વિજયની સ્મૃતિમાં કોનું નિર્માણ કર્યું?

ભારતનો ઇતિહાસ

(૧) કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધ કયા કાળમાં થયું હોવાની શક્યતા છે?
(અ) ઉત્તરવૈદિક કાળ (બ) પૂર્વવૈદિક કાળ (ક) હડપ્પા કાળ (ડ) મૌર્યકાળ
(૨) સુભાષચંદ્ર બોઝે ગાંધીજી સાથે મતભેદ થયા પછી કયો પક્ષ બનાવ્યો?
(અ) સ્વરાજ પાર્ટી (બ) ફોરવર્ડ બ્લોક (ક) સોશ્યલીસ્ટ પાર્ટી (ડ) ગદર પાર્ટી
(૩) કુમાર સંભવમાં કોના જન્મની કથાનું વર્ણન છે?
(અ) ગણેશજી (બ) રામ (ક) કાર્તિકેય (ડ) લવ-કુશ
(૪) પ્રારંભિક વૈદિક સાહિત્યમાં સૌથી વધુ વર્ણન કઇ નદીનું છે?
(અ) સિંધુ (બ) શુતદ્રી (ક) સરસ્વતી (ડ) ગંગા
(૫) ઇતિહાસમાં 'આર્ય' એટલે શું છે?
(અ) વીર (બ) શ્રેષ્ઠ (ક) પૈસાદાર (ડ) હોંશિયાર
(૬) હડપ્પાવાસી કઇ વસ્તુના ઉત્પાદનમાં પ્રથમ હતા?
(અ) સિક્કા (બ) કાંસાના ઓજારો (ક) કપાસ (ડ) જવ
(૭) મૌર્ય યુગના સિક્કામાં કઇ ધાતું વપરાતી?
(અ) કાંસુ (બ) ચાંદી (ક) તાંબુ (ડ) સોનું
(૮) કયા સાગર સાહસિકે સૌ પ્રથમ સફળતાપૂર્વક પૃથ્વીની પરિક્રમા પુરી કરી હતી?
(અ) મેગેલન (બ) બારથો લોમ્યો
(ક) કોલંબસ (ડ) વાસ્કો-ડી-ગામા
(૯) ચારમિનાર કોણે બંધાવ્યો?
(અ) કુલીકુતુબશાહ (બ) શેરશાહ
(ક) ટીપુ સુલતાન (ડ) હૈદર અલી
(૧૦) શક સંવત કયા રાજાએ પોતાના રાજયાભિષેકની યાદમાં શરૂ કરી હતી?
(અ) કનિષ્ક (બ) ચંદ્રગુપ્ત (ક) અશોક (ડ) હર્ષ
(૧૧) ચાર વર્ણોનો ઉલ્લેખ સૌ પ્રથમ કયા ગ્રંથમાં જોવા મળે છે?
(અ) પૃથ્વી સુક્ત (બ) પુરષસુક્ત (ક) કઠોપનિષદ (ડ) ગરૂડપુરાણ
(૧૨) ભારતનું સૌ પ્રથમ સમાચાર પત્ર કયું છે?
(અ) ટાઇમ્સ ઓફ ઇન્ડિયા (બ) હિન્દુ (ક) બંગાલ ગેઝેટ (ડ) મુંબઇ સમાચાર
(૧૩) અકબરે પોતાના ગુજરાત વિજયની સ્મૃતિમાં કોનું નિર્માણ કર્યું?
(અ) તાજમહેલ (બ) લાલ કિલ્લો (ક) બુલંદ દરવાજા (ડ) જામા-મસ્જિદ
(૧૪) વિક્રમદેવ ચરિત્ર લેખક કોણ છે?
(અ) બિલ્હણ (બ) કાલીદાસ (ક) હલ (ડ) જયદેવ
(૧૫) મહાત્મા બુદ્ધ દ્વારા અપાયેલ પ્રથમ ઉપદેશને શું કહેવામાં આવે છે?
(અ) ધર્મચક્રપવર્તન (બ) મહાભિનિષ્ક્રમણ (ક) જ્ઞાનોપદેશ (ડ) પ્રથમ વ્યાખ્યાન

વિવિધા

(આ સપ્તાહમાં આવતાં વિશ્વના મહાન વૈજ્ઞાનિકોના જન્મદિવસ)

- ૧ માર્ચ, ૧૯૧૦ — આર્ચર માર્ટીન - ઇંગ્લીશ બાયોકેમીસ્ટ, પેપર પાર્ટીશન ક્રોમેટ્રોગ્રાફીની શોધ બદલ ૧૯૫૨માં નોબેલ પારિતોષિક મળે, ૨૮ જુલાઇ ૨૦૦૨માં મૃત્યુ.
- ૧ માર્ચ, ૧૮૦૯ — રોબર્ટ કોર્નેલીયસ - અમેરિકન ફોટોગ્રાફર, ૧૯૩૯માં પ્રથમ પોર્ટેઇટ ફોટોગ્રાફના શોધક અને પ્રથમ પોટોગ્રાફીક એડવાઇઝરમેન્ટ કરનાર, મૃત્યુ, ૧૦ ઓગસ્ટ, ૧૮૭૩
- ૨ માર્ચ, ૧૯૧૩ — જયોર્જ નિકોલેવીચ ફલેરોવ- સોવિયેટ ભૌતિક શાસ્ત્રી, યુરેનિયમ ફ્યુઝન માટે ન્યુટ્રોન બોમ્બાર્ટમેન્ટ જરૂરી છે તેના શોધક, મૃત્યુ ૧૯ નવે.૧૯૯૦
- ૨ માર્ચ, ૧૮૬૨ — બોરીસ બોરીસોવીચ ગોલીટસન, રશિયન ભૌતિકસાસ્ત્રી, ધરતીકંપને લગતાં સંશોધનો કરાર, સિસ્મોગ્રાફ બનાવટનાર, મૃત્યુ ૧૭ મે, ૧૯૧૬.
- ૩ માર્ચ, ૧૯૧૮ — ઓર્થર કોર્નબર્ગ - અમેરિકન બાયોકેમીસ્ટ અને ફિજીયોશયન, ૧૯૫૯માં માનવશરીર અને મેડીસીન વિષયને લઇને નોબેલ પારિતોષિક મેળવનાર, મૃત્યુ ૨૯ ઓકટો. ૨૦૦૭
- ૩ માર્ચ ૧૮૪૭ — એલેકઝેન્ડર ગ્રેહામ બેલ - સ્કોટીસ અમેરિકન વૈજ્ઞાનિક, ટેલિફોનના શોધક, મૃત્યુ ૨ ઓગસ્ટ, ૧૯૨૨
- ૩ માર્ચ ૧૯૩૮ — જયોર્જ વિલિયમ હિલ - અમેરિકન ગણિત શાસ્ત્રી અને ખગોળ શાસ્ત્રી, મૃત્યુ, ૬ એપ્રિલ ૧૯૧૬.
- ૩ માર્ચ ૧૭૦૯ — એન્ડ્રેઝ સીગીસમન્ડ માર્ગારફ - જર્મન કેમીસ્ટ, ૧૭૪૭માં બીટ-સુગરના શોધક, ૧ આધુનિક સુગર ઇન્ડસ્ટ્રીઝ સ્થાપનાર, મૃત્યુ ૭ ઓગસ્ટ, ૧૭૮૨
- ૪ માર્ચ, ૧૯૧૪ — રોબર્ટ વિલ્સન - અમેરિકન ભૌતિકશાસ્ત્રી ૧૯૬૭માં ફર્મીલેબના સ્થાપક, મૃત્યુ ૧૬ જાન્યુરી, ૨૦૦૦
- ૪ માર્ચ ૧૯૦૪ — જયોર્જ ગેમોવ - રશિયન બોર્ન અમેરિકન ન્યુક્લિઅર ભૌતિક શાસ્ત્રી - લિંગ બેન્ગ થિયરી પર પ્રકાશ પાડનાર, મૃત્યુ ૧૯ ઓગસ્ટ ૧૯૬૮
- ૫ માર્ચ ૧૭૯૪ — ડેનીયલ કાન્ડેમન - અમેરિકન સાયકોલોજીસ્ટ - ૨૦૦૨માં નોબેલ પારિતોષિક વિજેતા
- ૫ માર્ચ ૧૭૯૪ — જેકબ બાબીનેટ - ફ્રેંચ ભૌતિક શાસ્ત્રી - વેવલેન્થ એકમની વ્યાખ્યા નિશ્ચિત કરનાર, મૃત્યુ, ૨૧ ઓકટો. ૧૯૭૨
- ૬ માર્ચ ૧૯૩૭ — વેલેન્ટીના ટેરેસ્કોવા - પ્રથમ સોવિયેટ અવકાશ યાત્રી મહિલા
- ૬ માર્ચ ૧૭૮૭ — જોસેફ - ફનહોપર, જર્મન ભૌતિક શાસ્ત્રી, પ્રથમ સોલાર સ્પેક્ટ્રમનો અભ્યાસ કરનાર, મૃત્યુ ૭ જૂન, ૧૮૨૬
- ૭ માર્ચ, ૧૯૩૮ — ડેવીડ બાલ્ટીમોર - અમેરિકન બાયોકેમીસ્ટ, ૩૭ વર્ષની ઉંમરે ફીઝીઓલોજી અને મેડીસીન ક્ષેત્રે ૧૯૭૫માં નોબેલ પારિતોષિક મેળવનાર
- ૭ માર્ચ - ૧૮૮૬ — વિલ્સન ડી વ્હાલીસ - અમેરિકન એન્થ્રોપોલોજીસ્ટ મૃત્યુ ૧૫ માર્ચ ૧૯૭૦

ગયા સપ્તાહનો સવાલનો જવાબ :

આંધ્ર પ્રદેશના ભાગલા થવાથી કયા બે નવા રાજયો બનશે ?

જવાબ : (૧) સીમાંધ્ર (આંધ્ર) (૨) તેલંગણા

સાચા જવાબ આપનાર પત્રમિત્રો :

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી, ગાંધીનગર
(૨) નટુભાઇ દરજી : પેથાપુર
(૩) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૪) ધાર્મિક એલ. પટેલ : ગાયત્રીનગર, ધોળેશ્વર

આ સપ્તાહનો સવાલ ?

રામવિલાસ પાસવાન કઇ રાજકીય પાર્ટીના અધ્યક્ષ છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર

સાચા જવાબો

(૧) મ્ર (૨) મ્ર (૩) મ્ર (૪) મ્ર (૫) ક (૬) મ્ર (૭) મ્ર (૮) ક (૯) મ્ર (૧૦) મ્ર (૧૧) મ્ર (૧૨) ક (૧૩) ક (૧૪) મ્ર (૧૫) મ્ર

અભિવ્યક્તિની સ્વતંત્રતા : ઓહ યસ અભી

કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

નથી કહેવું કઈ...કઈ જ નથી કહેવું અમારે !

મો બંધ કરી દો અમારા જેથી તમારા કાન ઊંઘી શકે આરામ માં,

બાંધી દો અમારા હાથ કેમ કે એને મશાલો પકડવાની આદત છે, કાપી નાખો આંગળીઓને પછી સળગાવી નાખો એને કેમ કે અમારી તૂટેલી આંગળીઓ પણ નવા શરીરને નવી આત્મા પેદા કરી નાખે એટલી જિદ્દી છે, ફોડી નાખો અમારી આંખો જે બધું જોઇને ખામોશ નથી રહી શકતી, સળગાવી દો એ સુરજને જેનો તડકો જુલસાવી જુલસાવીને અમારી ચામડીઓને ગરમ કરી રક્ષો છે, તાકાત હોય તો દબાવી દો એ દરિયાના અવાઝો..જે અમારા ગળાઓમાં તોફાન ભરતા જાય છે...

હાલ માં જ વેન્ડી ડોનીગર નામક લેખિકાના પુસ્તકના વિવાદે સહિષ્ણુ ભારતની અ-સહિષ્ણુતા સપાટી પર લાવી ને મૂકી દીધી. ભારતના કેટલાક (અ) સંવેદનશીલ લોકો ને - ધ હિન્દુઝ - એન અલ્ટરનેટીવ હિસ્ટ્રી નામનું પુસ્તક વાંચીને અથવા વાંચ્યા વિના જ લાગી આવ્યું ... આઈ.પી.સી ની ધારા ૨૯૫ (અ) ઘસડીને દિલ્હીની કોઈ ગુમનામ સંસ્થા એ પેંગ્વિન પબ્લિકેશન્સ અને વેન્ડી સામે ધાર્મિક લાગણીઓ દુભાવાના દાવા માંડ્યા. ૪ વરસ લડ્યા પછી પેંગ્વિન પણ ઝુકી પડ્યું અને પુસ્તકની તમામ નકલો પાછી ખેંચવાનો નિર્ણય કર્યો. પેંગ્વિનના વળી ગયેલા ઘૂંટણ પર અભિવ્યક્તિની આઝાદી ઈચ્છનારા લોકો એ ફિટકાર વરસાવી. ફરી એક વાર ભારતમાં અભિવ્યક્ત થવું મુશ્કેલ થઈ ગયું... આ એ જ દેશ છે જયાં સંસદમાં હંગામો કરવા ની, એક બીજાને રાજનીતિના નામે ગમે તેમ બોલવાની, સ્ત્રીઓ વિષે આલતુ ફાલતું કમેન્ટ્સ આપવાની, ભ્રષ્ટાચાર કરતી વખતે દેશની અને વ્યક્તિની ગરિમા ભૂલી જવાની આઝાદી છે પણ દોસ્તો... કઈ પણ કરો... વિવેચનના કરો, ક્રિટીસાઈઝ ના કરો ... તમે બહારના દેશ ના છો અને તમે ભારતીય સંસ્કૃતિ નું નિરૂપણ તમારા પોતાના આગવા દ્રષ્ટિકોણ થી કર્યું તો તમે ખોટા છો ... તમે આવું કરી જ ના શકો , કેમ કે ભારતીય સંસ્કૃતિના ઠેકેદારોને આ બધું મંજુર નથી! એ લોકો જે બિલોરી કાચ માં કે જે પટ્ટી પહેરાવીને - સન્સ્કૃતિ દર્શન- કરાવે એ જ સાચું, બાકી સબ બકવાસ! તેથી હે મિત્રો, અતિ સંવેદન શીલ એવા સંસ્કૃતિ રક્ષકો, ઠેકેદારો, કોન્ટ્રાક્ટરો, માફિયાઓ આ બધાની ભાવનાઓને ઠેસ પહોચાડવી એ એક ક્રિમીનલ મામલો છે... તેથી અત્ર તત્ર સર્વત્ર બોલતા પહેલા તમારા હોઠ ધ્રુજવા જોઈએ, લખતા પહેલા હાથ કાંપી ઉઠવા જોઈએ, શરીર માં થી વીજળી દોડી જવી જોઈએ... આ ઠેકેદારો ભયનું શાસન ઈચ્છે છે!

ગયા વરસે જ કેટલાક લોકો એક પુસ્તક માં છપાયેલા કાર્ટુન્સથી ડરી ગયા, તો કેટલાક ને એક સ્ટેટ્સ અપડેટ થી ખોટું લાગ્યું ... રુલ ઓફ ફીયર જેવી તાલિબાની ક્રિતરત રાખતા સંસ્કૃતિ રક્ષકો ખુલે આમ ફરે છે હિન્દુસ્તાની સડકો પર... આ એ લોકો છે જેમને મન કોમી તોફાનો ધર્મના રક્ષણ માટે ની એક પ્રક્રિયા છે... જેમને મન ધર્મ ની વિરુધ કે આલોચનામાં કઈ લખવું એ તોફાનોમાં કોઈ ના જીવતા ગળા કાપી નાખવા કરતા પણ મોટી હરકત છે, જેમને મન સ્ત્રી-પુરુષનો પ્યાર પણ અનૈતિક છે અને જેમની પાસે પોતાની અંગત અને ખાસ વ્યાખ્યાઓ છે જેના પોતાના મન મુજબ અર્થઘટન ને તેઓ અભિવ્યક્તિ ની આઝાદી ગણે છે.